| | |
|---|---|
| રજૂ તારીખ | તા. 02/04/2026 |
| દાખલ તા. | તા. 02/04/2026 |
| ફેસલ તા. | તા. 18/06/2026 |
| અવધિ | દિવસ  માસ વર્ષ |
| આંક : | |

**IN THE COURT OF J.M.F.C , RAILWAY, BHAVNAGAR.**

***Criminal Case No. 1618 of 2026***

<u>ફરિયાદી</u> : રેલ્વે પ્રોટેક્શન ફોર્સ , આર.પી.એફ. બોટાદ , બોટાદ.

**VERSUS**

<u>આરોપી</u> **:**બાબુલાલ નાંથુલાલ મીણાં, ઉ.વ **42** વર્ષ, રહે. બિચ્છીવાડા જી.ઉદયપુર , રાજસ્થાન

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | બોટાદ રેલ્વે પોલીસ સ્ટેશન ગુના રજી. નો : 1686 / 2025 |
| ગુનો | રેલ્વે અધિનિયમની કલમ 160(2), 174(C) મુજબ |

## ફોર્મ - એ.

| | |
|---|---|
| ફરિયાદી : | રેલ્વે પ્રોટેક્શન ફોર્સ , આર.પી.એફ. બોટાદ , બોટાદ. |
| ફરિયાદપક્ષ તરફે : | વિ. રીપ્રિઝન્ટટેટીવ શ્રી વાય.કે મિશ્રા |
| આરોપી : | બાબુલાલ નાંથુલાલ મીણાં, ઉ.વ 42 વર્ષ, રહે. બિચ્છીવાડા જી.ઉદયપુર , રાજસ્થાન |
| આરોપી તરફે : | આરોપી ના વિ.વ શ્રી એ.પી.પારેખ |

## ફોર્મ - બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | 20 / 09 / 2025 |
| ફરિયાદ ની તારીખ : | 20 / 09 / 2025 |
| ચાર્જશીટ કર્યા તારીખ : | 02 / 04 / 2026 |
| પ્લી/ ચાર્જ રેકોર્ડ કર્યા તારીખ : | 16 / 04 / 2026 |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | 21 / 05 / 2026 |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ : | 04 / 06 / 2026 |
| ચુકાદા ની તારીખ : | 18 / 06 / 2026 |
| સજાન હકમ ની તારીખ : | 18 / 06 / 2026 |

## આરોપીની વિગત

| આરોપી ન. | આરોપી નું નામ | ધરપકડ ની તારીખ | જામીન મળ્યા તારીખ | ગુન્હાની કલમો | આરોપી ને સજા કે છોડી મૂક્યા | સજા ની અમલ વારી | સી.આર.પી.સી કે બી.એન.એસ.એસ પ્રમાણે અટકાયત |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | નો સમયગાળો |
| (1) | બાબુલાલ નાંથુલાલ મીણાં | - | - | રેલ્વે એક્ટ કલમ 160(2), 174(C) | સજા | - | - |

## ફોર્મ - સી
## પ્રોસીક્યુશન / બચાવપક્ષ / કોર્ટના સાક્ષી ની યાદી

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક નંબર |
|---|---|---|---|
| પી.ડ બલ્યું: 1 | એસ.આઈ.પી.એફ હરીદત્ત કુમાર | તપાસ કરનાર અધિકારી | 10 |

## લીસ્ટ ઓફ  પ્રોસીક્યુશન / ડીફેન્સ / કોર્ટ એકઝીબીટ

| ક્રમ નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| (1) | 11 | ગેટમેન નું નિવેદન |
| (2) | 12 | ગેટમેન ની ફરિયાદ |
| (3) | 13 | ઘટના સ્થળ  પંચનામુ |
| (4) | 14 | ઘટના સ્થળ નો મોકા નકશો |
| (5) | 15 | આરોપી નું નિવેદન |
| (6) | 16 | નુકસાની નું પ્રમાણપત્ર ,જે.ઇ સિગ્નલ બોટાદ. |

| | | |
|---|---|---|
| (7) | 17 | ટ્રેન વિલંબ નું પ્રમાણપત્ર એસ.એસ.રાણપુર. |
| (8) | 18 | ફરિયાદપક્ષ તરફ ક્લોસિંગ પુરસીસ. |

## -: ચુકાદો :-

## <u>ગુનો : રેલ્વે એક્ટ કલમ **- 160(2)** અને **174 (C)**</u>

(1) ફરિયાદપક્ષની કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.20 / 09 / 2025 ના રોજ સમય 12:25 વાગે વાગે કુંડલી રાણપુર રેલ્વે સ્ટેશનની વચ્ચે કિ.મી. નં. 55/ 07 - 08 ના ફાટકને જેનો ફાટક નં.145 SPL ને એક ટ્રક જેનો નંબર- GJ - 01 - JT - 7975 એ ટકકર મારી, ટ્રાફિક ગેટને ક્ષતિગ્રસ્ત કરી, રેલવે સંપતિને નુકશાન પહોંચાડેલ અને ત્યાં થી ફરાર થઈ ગયેલા. જેથી, આ કામે આરોપી બાબુલાલ નાંથુલાલ મીણાં નાઓ વિરુધ્ધ કલમ-160(2) અને 174(C) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તેવી ફરિયાદ અદાલતમાં દાખલ કરેલ છે.

(2) આરોપી સમન્સની પ્રક્રિયા દરમ્યાન કોર્ટ રૂબરૂ હાજર થયેલાં અને તેને ફરિયાદની નકલ બી.એન.એસ.એસ.ની જોગવાઇઓને આધીન અદા કરવામાં આવેલ છે. ત્યારબાદ, રેલવે એકટ-160(2) અને 174(C) મુજબ આ કામે આંક: 05 થી આરોપી વિરૂદ્ધ તોહમતનામુ ફરમાવતા આંક- 06 થી આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં આરોપીને પોતે પોતાનો ગુનો કબૂલ કરેલ નહીં હોવાનું જણાવતા આ કામની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(3) ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - 351 મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. પરંતુ, આરોપીના વિધ્વાન વકીલશ્રીએ આંક-20 થી આરોપીનો વિશેષ નિવેદન આપવાનો અધિકાર જતો કર્યો છે. જેથી, વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(4) બંને પક્ષોની દલીલો સાંભળી.

(5) ઉપરોકત હકીકતોના નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે : -

// મુદ્દાઓ //

| | |
|---|---|
| (1) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.20 / 09 / 2025 ના રોજ સમય 12:25 વાગે વાગે કુંડલી રાણપુર રેલ્વે સ્ટેશનની વચ્ચે કિ.મી. નં. 55/ 07 - 08 ના ફાટકને જેનો ફાટક નં.145 SPL ને એક ટ્રક જેનો નંબર- GJ - 01 - JT - 7975 એ ટકકર મારી, ટ્રાફિક ગેટને ક્ષતિગ્રસ્ત કરી, રેલવે સંપતિને નુકશાન પહોંચાડેલ અને ત્યાં થી ફરાર થઈ ગયેલા. જેથી, આ કામે આરોપી બાબુલાલ નાંથુલાલ મીણાં નાઓ વિરુધ્ધ કલમ-160(2) અને 174(C) મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે? |
| (2) | શું હુકમ? |

(6) ઉપરોકત મુદાઓ માટે મારાં ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે : -

(1) હકારમાં .

(2) આખરી હુકમ મુજબ .

::- કારણો ::-

(7) ઉપરોકત રજૂ થયેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ઉપરોકત રજૂ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદપક્ષે તેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જો આરોપી ઉપર રજૂ કરવામાં આવેલા પુરાવા એક સળંગ સાંકળની જેમ એક કડીથી બીજી કડીને સાંકળે તેવો સળંગ પુરાવો રજૂ કરવામાં આવે તો જ આરોપીની સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય અને તેથી, ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષે આંક-10 થી તપાસ કરનાર અધિકારી હરીદતકુમાર હોતિલાલ ગૌતમ ને

તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા. 20 /09 / 2025 ના રોજ તેઓ એસ.આઈ .પી.એફ. તરીકે આર.પી.એફ. બોટાદ પો. સ્ટે. પર ફરજ બજાવતા હતા તે દરમ્યાન કંટ્રોલમાંથી સૂચના મળેલ કે, રાણપુર અને કુંડલી સ્ટેશનની વચ્ચે કિ.મી. નં. 55 / 07 - 08 પર આવેલાં એલ.સી. ગેટ નં.145 SPL ને એક વાહન જેનો નંબર GJ - 01 - JT - 7975 ના ચલકે ત્યાં ફાટક ના ગેટ ને શતિગ્રસ્ત કરી નાખી અને ત્યાં થી ડ્રાઇવર તેના ટ્રક સાથે ત્યાં થી ભાગી ગયેલ અને ત્યારબાદ., સ્ટાફ સાથે ઘટના સ્થળ પર પહોંચેલા અને જોયેલ કે ગેટ ક્ષતિગ્રસ્ત હાલતમાં હતો અને આરોપી વાહન સાથે ઘટના સ્થળ પર હાજર ન હતો. ત્યારબાદ, ઘટના સ્થળ પર હાજર ઓનડયુટી ગેટમેન સંદીપ ભાઈ જોડે બનાવ અંગે પૂછપરછ કરી, નિવેદન લીધેલ જે બતાવવામાં આવેલ જેમાં ગેટમેનની સહી છે. જે આ કામે રજૂ દાખલ આંક-11 થી છે. ત્યારબાદ, ઘટના સ્થળ પર હાજર ઓનડયુટી ગેટમેન સંદીપ ભાઈ ની પૂછપરછ કરી, સદર બનાવ અંગેનો ફરિયાદ મેમો પ્રાપ્ત કરેલ અને જેમાં ગેટમેનની સહી છે જે આ કામે આંક-12 થી રજૂ છે. ત્યારબાદ, નજીકમાંથી પંચો બોલાવી, પંચો રૂબરૂ ઘટના સ્થળનું પંચનામુ અને અને મોકા નકશો તૈયાર કરેલ જે બતાવવામાં આવે છે. જેમાં પંચોની સહી છે. ગેટમેનની સહી છે. રૂબરૂમાં મારી સહી છે. જે આ કામે આંક-13 અને 14 થી રજૂ છે.

આરોપી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારુ , અજ્ઞાત આરોપીના વિરૂદ્ધમાં બોટાદ આર.પી.એફ. પો.સ્ટે. પર જઈ તેના વિરુદ્ધ સી. આર નંબર 1686 / 2025 થી નોંધી આગળ ની તપાસ હાથ ધરેલ. ત્યારબાદ તપાસ ના કામે ટ્રક નંબર ના આધારે આરોપી ની સોધ કરતા આરોપી મળી આવેલ અને તેનું નિવેદન નોંધવામાં આવેલ જે આ કામે આંક : 15 થી રજૂ છે જેમાં આરોપી પોતે પોતાનો ગુન્હો કબૂલ કરેલ છે. .

આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોય, સદર બનાવ અંગેનો મેમો એસ.એસ. રાણપુર પાસેથી પ્રાપ્ત કરેલ જે પ્રાપ્ત થયેલ મેમો આ કામે આંક -17 થી રજૂ છે જેમાં સદર બનાવન કારણે ટ્રેન નંબર (1) PPSP SORI 14 મિનિટ અને (2) ICDD PPSP ટ્રેન 8 મિનિટ વિલંબ થયેલ છે તેવું જણાવેલ છે. સદર બનાવના કારણો ગેટ નંબર 145 SPL ને રૂા. 2,600/- નું નુકશાન થયેલું જેનું પ્રમાણપત્ર જે.ઇ. સિગ્નલ બોટાદ નાઓ પાસેથી લીધેલું. જે આ કામે આંક-16 થી રજૂ છે. આવું નિવેદન તપાસ કરનાર અધિકારીએ

આપેલ છે અને સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ તેઓએ માત્ર એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ આરોપીને વાહન ચલાવતા નજરોનજર જોયેલ નથી.

(8) આમ, ઉપરોકત ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ ફરિયાદપક્ષના સાહેદ, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, તા.20 / 09 / 2025 ના રોજ 12:25 વાગે આશરે આ કામના આરોપીએ પોતાનું વાહન ટ્રક જેનો નંબર.GJ - 01 - JT - 7975 કુંડલી રાણપુર રેલવે સ્ટેશનની વચ્ચે આવેલાં કિ.મી. 55 / 07 - 08 પર સ્થિત ફાટક નં.145 SPL ને પૂરઝડપે ગાડી ચલાવી અને બેદરકારી રીતે ગાડી ચલાવી, ક્ષતિગ્રસ્ત કરી, રેલવે સંપતિને નુકશાન પહોંચાડેલ અને તે બનાવ ના કારણે 2 ટ્રેન વિલંબ થયેલી હોવાની હકીકત જણાય આવે છે. આ હકીકત આરોપીના નિવેદનમાં તથા રૂબરૂ કરવામાં આવેલ સ્થળનું પંચનામુ તથા મોકા નકશો જે આ કામે આંક-13 અને 14 થી રજૂ છ. તેમાં પણ સ્પષ્ટપણે તપાસ કરનાર અમલદારે સરતપાસમાં જણાવેલ હકીકતોને અનુરૂપ આપેલ હોય તેવું જણાય આવે છે તેમજ સદર કામે આરોપીનું નિવેદન લેવામાં આવેલ અને તે અન્વયે તેમાં આરોપીએ ગુનો કબૂલ કરેલ છે. સદર કામે આરોપીએ તેનાં આર.પી.એફ. રૂબરૂના નિવેદનમાં તેની સામેનો ગુનો સ્વેચ્છાએ કબૂલ કરેલ છે તેમજ સદર લેખિત નિવેદન રેલવે પ્રોટેકશન ફોર્સના અધિકારી દ્વારા નોંધવામાં આવેલ અને તેઓ પોલીસ અધિકારી ના હોય, સદર નિવેદન બી.એન.એસ.એસ.-173 મુજબ પોલીસ અધિકારી રૂબરૂનું નિવેદન ગણી શકાય નહી અને બી.એસ.એ કલમ-23 ની જોગવાઇ મુજબ પુરાવામાં સંપૂર્ણપણે ગ્રાહય છે. આ કામે ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારીને સોગંદ પર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સરતપાસમાં બનાવને અનુરૂપ જુબાની આપેલ છે અને આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં કોઇ મહત્વની તકરાર લેવામાં આવેલ નથી તેમજ કોઇ ખંડનાત્મક પુરાવા પણ રજૂ કરવામાં આવેલ નથી.

(10) આ તબક્કે રેલ્વે એક્ટ ની કલમ 160 અને 174 ને જોવી જરૂરી જણાતી હોય જે નીચે મુજબ છે :

**160. Opening or breaking a level crossing gate.—**

(1) If any person, other than a railway servant or a person authorised in this behalf, opens any gate or chain or barrier set up on either side of a level crossing which is closed to road traffic, he shall be punishable with imprisonment for a term which may extend to three years.

(2) If any person breaks any gate or chain or barrier set up on either side of a level crossing which is closed to road traffic, he shall be punishable with imprisonment for a term which may extend to five years.

**174. Obstructing running of train, etc.—**

If any railway servant (whether on duty or otherwise) or any other person obstructs or causes to be obstructed or attempts to obstruct any train or other rolling stock upon a railway,—

(a) by squatting or picketing or during any rail roko agitation or bandh; or
(b) by keeping without authority any rolling stock on the railway; or
(c) by tampering with, disconnecting or interfering in any other manner with its hose pipe or tampering with signal gear or otherwise,he shall be punishable with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

આ રેલ્વે ની જોગવાઇ જોતા અને સદર કેસ નો બનાવ જોતા તેવી સ્પષ્ટ પણે ફલીત થાય છે કે આ કામન આરોપીએ જ્યારે ટ્રેન ને પાસ કરવા સારુ ગેટમેને ગટે નંબર 145 SPL બંધ કરી દિધો હતો અને તેમ છતાં આ કામના આરોપીએ પોતે વાહન ચલાવી ગટે ને અથડાઈ ગયેલ અને તેમ આ રીતે ગુન્હાહિત કૃત્ય કરેલ છે અને આરોપીએ પોતે આર.પી.એફ ની રૂબરૂ માં પોતે પોતાનો ગુન્હો કબૂલ પણ કરેલ છે, જેથી પોલીસ ની જુબાની ને ન માણવાના કોઈ કારણ જણાઈ આવતું નથી.

(9) આમ, આ કામે ફરિયાદપક્ષ તરફે આંક-01 થી આર.પી.એફ. બોટાદ પો.સ્ટે. દ્વારા આરોપી વિરુધ્ધ રેલવે એકટ કલમ-160(2) અને 174(C) મુજબના ગુનાની ફરિયાદ દાખલ કરવામાં આવેલો છે અને આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સમગ્ર

પુરાવો જોતાં, તેમજ તપાસ કરનાર અધિકારી તરફે ઉપરોકત તપાસવામાં આવેલ અધિકારીની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદની હકીકતને સમર્થન કરેલ છે. આ કામે આરોપીએ તેની સામેના ગુના અંગેના ફરિયાદપક્ષના આક્ષેપ બાબતે આરોપી તરફે કોઇ મહત્વની તકરાર લેવામાં આવેલ નથી. આમ, ઉપરોકત તમામ કારણો, સંજોગો અને રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ માખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, તા. 20 / 09 / 2025 ના રોજ કિ.મી.નં .55 / 7- 8 ની વચ્ચે આવેલ કુંડલી રાણપુર રેલવે સ્ટેશનના ફાટક નં.145 SPL ને ટ્રક નં.GJ - 01 - JT - 7975 પૂરઝડપે અને બેદરકારીથી ચલાવીને નુકશાન કરેલ અને ક્ષતિગ્રસ્ત કરેલ અને તેમ કરીને, રેલવે સંપતિને નુકશાન પહોંચાડેલ અને સદર બનાવ ન કારણે 2 ટ્રેન વિલંબ થઇ ગયેલી . જેથી, આ કામે આરોપીએ રેલવે એકટ-160(2) અને 174( C) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ હોવાની હકીકત નિ:શંકપણે સાબીત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે. જેથી, મુદા નં. 01 નો જવાબ હકારમાં ઠરાવી, મુદા નં. 02 અંગેનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::- હુકમ ::-

| | |
|---|---|
| (1) | આ કામે આરોપી બાબુલાલ નથુલાલ મીણાં, ઉ.વ 42 રહે. **બિચ્છીવાડા જી.ઉદયપુર રાજસ્થાન** નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-271(2) અન્વયે રેલવે એકટની કલમ-160(2) અને 174( C ) મુજબના ગુનામાં કસુરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને સજા કરવામાં આવતી હોય, આરોપીને સજા બાબતે સાંભળવા માટે કેસ મુલત્વી રાખવામાં આવે છે. |

આ હુકમ આજરોજ તા : 11 / 06 / 2026 ના રોજ ખુલી અદાલતમાં જાહેર કર્યો.

તા. 18 / 06 / 2026

( યશ પીન્ટુકુમાર શાહ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ (રેલ્વે),
ભાવનગર.

(10) આરોપીને સજા બાબતે સાંભળ્યા. આરોપી જણાવે છે કે, આ આરોપીનો પ્રથમ ગુનો છે. તેઓ સામાન્ય વર્ગના ઇસમ છે. તેના પર કુંટુંબનો આધાર છે. સદરહુ ગુનો તેઓએ ઇરાદાપૂર્વક કરેલ નથી અને સદરહુ ગુનો ફરીથી કરશે નહીં તેવી ખાતરી આપે છે. આરોપી તરફે તેમનાં વિધ્વાન વકીલશ્રીની રજૂઆત છે કે, આરોપીને પોતાનાં દ્વારા કરેલ ભૂલોનું ભાન છે. આથી, આરોપીને સજા અને દંડ કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવેલ.

(11) આરોપી તરફે રજૂઆત તેમજ કાયદાકીય જોગવાઇઓ, સજાની જોગવાઇ તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને રાખી તથા નામદાર સર્વોચ્ચ અદાલતે સજા કરવાના હેતુ વિષે " ***Dhananjay V/s. State*** ***(1994) 2 SCC 220****. "Hon'ble Apex court held that" object of sentancing should be to see that the crime does not go unpunised and the victim of the crime as also the society has the satisfaction that justice has been done to it. Aggravating factors cannot be ignored and similarly mitigating circumstance have also to be take in consideration"*

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ સજાનો હેતુ અપરાધીને સજા વિના રહેવો જોઇએ નહીં અને ગુનાનો ભોગ બનનારને પણ ન્યાય મળવો જોઇએ તથા ગુનાનો સમય, સંજોગો અને પરિસ્થિતિ ધ્યાને લેવી જોઇએ તેમજ સદરહુ ફરિયાદની હકીકત તથા આરોપીની ઉંમર, આરોપીની આર્થિક પરિસ્થિતિ અને ગુનાની ગંભીરતા તેમજ ગુનો બન્યાના સંજોગો જોતાં, આથી, અચારોપીને સજા જાહેર કરવામાં સમગ્ર હકીકત ધ્યાને રાખી, સજાનું પ્રમાણ નકકી કરવું જોઇએ તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(12) આરોપી તરફે જણાવેલ છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે તેઓ સામાન્ય વર્ગના ઇસમ છે. તેમનાં પર કુંટુંબનો આધાર છે અને સદરહુ ગુનો તેઓએ ઇરાદાપૂર્વક તેમજ જાણીજોઈને આવો ગુનો કરેલ નથી અને તે ફરીથી આવો ગુનો કરશે નહી તેવી ખાતરી આપે છે. જે જોતાં તેમજ તેઓની આથિર્ક સ્થિતિ ધ્યાને લેતાં તેમજ કોર્ટના રૂબરૂમાં દયાની માંગણી જોતાં, તેની સામેનો આક્ષેપિત ગુનો તેમજ થનાર સંભવિત સજાની જોગવાઇઓ જોતાં તથા નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો "રાજય વસીર્સ નટવરજી કુંવરજી ૨૦૦૫-૧-જી.એલ.આર પાના નં.૭૦૯ ના ચુકાદાના સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં, સદરહુ કેસમાં આરોપીની અવસ્થા, કેસનાં સંજોગો જોતાં તેમજ ગુનાની ગંભીરતા અને આરોપીની આથિર્ક સ્થિતિ જોતાં, આરોપીને આ ગુનાના કામે કસૂરવાર ઠરાવી નીચુ મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

::- <u>આખરી હુકમ</u> ::-

(1) આ કામના આરોપી બાબુલાલ નથુલાલ મીણાં, ઉ.વ 42 રહે. **બિચ્છીવાડા જી.ઉદયપુર રાજસ્થાન** નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-271(2) અન્વયે રેલવે એકટની કલમ-160(2) ના ગુન્હામાં કસૂરવાર ઠેરવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા અને 174 ( C ) અન્વયે ગુનામાં કસુરવાર ઠરાવી, રૂા.2,000 /- (અંકે રૂપિયા બે હજાર પૂરાં) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ની રકમ ન ભરે તો દિન-15 ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(2) મુદામાલ વાહન જે મુદામાલ પાવતીમાં જણાવેલ છે તે અશોક લેનન કંપનીનું વાહન જેનો રજીસ્ટ્રેશન નં GJ - 01 - JT - 7975 છે તેનો અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(3) નિયમ અનુસાર આરોપીને સદરહુ ચુકાદાની એક નકલ વિનામૂલ્યે આપવી.

(4) આ કામના આરોપીએ બી.એન.એસ.એસ ની જોગવાઇ અનુસાર રૂ. 15,000 /- ના અપીલ સમય સુધીના જામીન રજૂ કરવા.

હુકમ આજરોજ 11 જૂન , 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. 18 / 06 / 2026

( યશ પીન્ટુકુમાર શાહ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ (રેલ્વે),
ભાવનગર.
U.I.C. No. GJ-01750